https://www.divyabhaskar.co.in/dvb-original/news/startup-concept-becomes-the-true-synonym-of-friendship-128765704.html

# ફ્રેન્ડશિપ ડે સ્પેશિયલ: સ્ટાર્ટઅપ કોન્સેપ્ટ બન્યો દોસ્તીનો સાચો પર્યાય, નવા બિઝનેસની શરૂઆત માટે મિત્રોનો સંગાથ બન્યો બેસ્ટ ઓપ્શન

નવો બિઝનેસ શરૂ કરવો હોય ત્યારે ભાગીદારી માટે વિશ્વાસપાત્ર સાથી મળવો ઘણી જ અઘરી બાબત છે. નવી શરૂઆત હોય ત્યારે આ બાબત ઘણી જ અગત્યની બની રહે છે અને એટલા માટે જ સ્ટાર્ટઅપ મોટાભાગે મિત્રોના સહયોગથી જ શરૂ થાય છે. સ્ટાર્ટઅપ કોન્સેપ્ટ ખરા અર્થમાં મિત્રતાનો પર્યાય બની ગયો છે. ગુજરાત હોય કે ભારત, જે સ્ટાર્ટઅપ શરૂ થયા છે તે યા તો મિત્રોની સાથે અને મિત્રોના સહયોગથી શરૂ થયા છે.

### ફ્રેન્ડના પપ્પાએ તેમની ઓફિસમાં જગ્યા કરી આપી

યશ શાહ, અભિષેક દોશી અને અનુપમા પંચાલ છેલ્લા 12 વર્ષોથી મિત્રો છે. કોલેજ સાથે કરી અને બિઝનેસ કરવાનો વિચાર પણ સાથે જ આવ્યો. પોતાની ફ્રેન્ડશીપ અને બિઝનેસ જર્ની વિષે વાત કરતાં યશ કહે છે કે, અલગ અલગ ફેમિલી બેકગ્રાઉન્ડ હોવા છતાં સમાન વિચારધારાને કારણે આજે અમે સાથે છીએ. અભિષેક મારા મમ્મી સાથે ઘણી વાતો કરતો અને ઘણીવાર ઘરે પણ રોકાઈ જતો હતો. અમે જ્યારે 2014માં શરૂઆત કરી ત્યારે અમને કોઈ જ ખબર ન હતી કે ઓફિસ ક્યાં કરીશું? ઇન્ફ્રાસ્ટ્રકચર કેમ ઊભું કરીશું? અને આ માટે રૂપિયા પણ ન હતા. આવા સમયે અભિષેકના પપ્પાએ તેમના બિઝનેસની જગ્યાએ અમારા માટે ઓફિસ શરૂ કરી આપી અને સાથે જ લેપટોપ, ઈન્ટરનેટ જેવી બેઝિક જરૂરીયાતો પણ પૂરી કરી.

યશ શાહે જણાવ્યું કે, અમને ખબર ન હતી કે અમે સફળ થશુ કે નહીં પણ અમે એકબીજાનો જુસ્સો સતત વધારતા રહ્યા અને આજે પણ જ્યારે નિરાશા જેવુ લાગે તો અમે એકબીજાને સપોર્ટ કરીએ છીએ. સમય રહેતા મારી અને અનુપમા વચ્ચે ફ્રેન્ડશીપની સાથે રિલેશનશીપ પણ બની અને આજે અમે પતિ-પત્ની છીએ.

### ફ્રેન્ડના સ્ટાર્ટઅપ માટે આખી ટીમ બનાવી

વર્ચ્યુઅલ ઇવેન્ટ ટેકનોલોજી સ્ટાર્ટઅપ હુબિલોના ફાઉન્ડર વૈભવ જૈને જણાવ્યું કે, 2014માં જ્યારે હુબીલોની શરૂઆત કરી ત્યારે મને ટેક્નિકલ બાબતો અંગે વધુ જાણકારી ન હતી. તેવા સમયે મયંક અગ્રવાલ મારી મદદે આવ્યા હતા. જ્યારે મે તેનો સંપર્ક કર્યો ત્યારે તે એક સ્ટાર્ટઅપ સાથે જોડાયેલો હતો. અમે મળ્યા અને ત્યારથી સાથે છીએ. વૈભવ કહે છે કે કોઈ બિઝનેસ પ્રેઝન્ટેશનમાં ટેક્નિકલ બાબતમાં મુંજવણ હોય તો મને ચિંતા નથી હોતી કેમ કે ખબર છે કે મયંક સંભાળી લેશે.

હુબીલોના કો-ફાઉન્ડર મયંક અગ્રવાલે કહ્યું કે, વૈભવ અને હું એકબીજાને કોલેજના સમયથી ઓળખીએ છીએ. અમારી દોસ્તીને આજે 12 વર્ષ થયા છે. વૈભવે જ્યારે મને કહ્યું કે તેને એક ટેક્નિકલ નોલેજવાળા માણસની જરૂર છે ત્યારે થોડા સમય માટે હુબીલોને જાણી અને તેની જરૂરિયાત મુજબ કંપની માટે ટેક ટીમ પણ બનાવી.

મયંક અને વૈભવે કહ્યું કે, એક મિત્ર તરીકે એકબીજાને વાત કરવી અને વાતને સમજવી-સમજાવવી ઘણી જ સરળ રહે છે, જે કદાચ ઓછી જાણીતી વ્યક્તિ સાથે સરળ નથી રહેતું. બીજું કે અમે કોઈ પણ પરિસ્થિતિમાં એક બીજાને સાચવી લઈએ છીએ. મિત્રો સાથે મ્યુચ્યુઅલ અન્ડરસ્ટેન્ડિંગ ઘણું સારું હોય છે અને આ વાત બિઝનેસ ડેવલપમેન્ટમાં ઘણી જ મદદરૂપ થાય છે.

### મિત્ર સાથે કામ કરવામાં ક્લિયારિટી વધુ રહે છે

રાઈઝ હાઈડ્રોપોનિકના સ્થાપક મીત પટેલે જણાવ્યું કે અમે ત્રણ મિત્રોએ સાથે મળીને એગ્રીકલ્ચર સ્ટાર્ટઅપ શરૂ કર્યું છે. અગાઉ અમે ત્રણેય કૃષિમાં જ અલગ અલગ કોન્સેપ્ટ ઉપર અલગ અલગ રીતે કામ કરતાં હતા અને પાછળથી 2020માં ભેગા થયા. ફ્રેન્ડ સાથે બિઝનેસ કરવામાં આઇડિયા, કોન્સેપ્ટ અને કામ કરવાની પદ્ધતિને લઈને પહેલાથી જ ક્લિયારિટી રહે છે. બધા એકબીજાના સ્વભાવને ઓળખતા હોય છે એટલે કામ વધુ સરળ બની જાય છે.




તુષાર અગરવાલે જણાવ્યું કે, અમે બંને એકબીજાને 2016થી પરિચયમાં છીએ. એન્ટરપ્રેન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII)ના ઇન્કયુબેશનમાં અમે સાથે હતા. એકબીજાના આઇડિયાનું બ્રેઇનસ્ટોરમિંગ સાથે કરેલું છે એટલે સ્વભાવ અને કામ કરવાની પદ્ધતિથી વાકેફ હોઈએ છીએ. આ જ વાત અમારા માટે સ્ટ્રોંગ પોઈન્ટ સાબિત થાય છે.

**દોસ્તોની સાથે સારું ટીમવર્ક થઈ શકે છે**

જમીનની જાળવણી અને ક્રોપ મેનેજમેન્ટને લગતા કામ કરતાં સ્ટાર્ટઅપ નીરએક્સ ટેકનોવેશન (NeerX)ના સહ-સ્થાપક હર્ષ અગ્રવાલ અને નિકિતા તિવારી બે અલગ અલગ રાજ્યોમાંથી આવે છે. બંનેની મુલાકાત 2017માં ગુજરાતમાં થઈ અને બંનેના વિચારો મળતા NeerXની શરૂઆત થઈ હતી.




હર્ષ અગ્રવાલ અને નિકિતા તિવારી જણાવે છે કે, જિંદગી હોય કે બિઝનેસની ટાસ્ક હોય, મિત્રોના સાથે રહીને તેને પૂરું કરવામાં આવે તો ટીમવર્ક ઘણું જ સારું રહે છે. એકબીજાની ખૂબી અને ખામી જાણતા હોવાથી સપોર્ટ આપવાનું અને સપોર્ટ મેળવવાનું સહેલું થઈ જાય છે. આ ઉપરાંત કોમ્યુનિકેશન પણ ઘણું જ સરળ રહે છે. આ જ કારણોથી ફ્રેન્ડને સાથે રાખી બિઝનેસ શરૂ કરવામાં સરળતા રહે છે.